# સત્સંગ સમાચાર

## બ્રહ્મજ્યોતિ, મોગરીમાં

## સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો ૭૮મો પ્રાગટ્યોત્સવ

ગુરુદેવ યોગીજી મહારાજના સાધુરામ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો ૭૮મો પ્રાગટ્યોત્સવ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર યોગીપ્રસાદના વિશાળ સભાખંડમાં ૧૫ જુલાઈના રોજ ભક્તિભાવે ઉજવાયો. સંતભગવંત સાહેબજી અને પૂ. અશ્વિનદાદાએ અમેરિકામાં બિરાજી આ પ્રસંગે ફૉન દ્વારા આશીર્વાદની હેલી વરસાવી સૌને ધન્ય કર્યા. વળી, સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા, પૂ. હર્ષદભાઈ, પૂ. અરુણભાઈની દિવ્ય સંનિધિમાં અનેક અક્ષરમુક્તોની ઉપસ્થિતિમાં પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યમંગલે માહાત્મ્યનો ધોધ વહ્યો.

સભા પ્રારંભે પૂ. પંકજભાઈએ પૂજન કર્યાં અને પૂ. સતીશભાઈએ પુષ્પહાર અર્પણ કરી સૌ વતીથી આશિષયાચના કરી. પૂ. ઉત્પલભાઈએ સાહેબદાદા દ્વારા પ્રસંગે પ્રસંગે કરાયેલ પૂ. અશ્વિનદાદાના માહાત્મ્યને વર્ણવી મહિમા ગાયો. અંકલેશ્વરના રોહનભાઈએ પૂ. અશ્વિનદાદા તરફથી મળેલા અકલ્પ્ય પ્રેમનાં વર્ણન કરી પ્રત્યેક જન્મે પૂ. અશ્વિનદાદા જ ગુરુ સ્વરૂપે પ્રાપ્ત થાય તેવી અદ્‌ભુત યાચના કરી. ચેન્નાઈ મંડળના યુવાનો ધ્રુવ અને ધ્યાનેશ દ્વારા પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા જેવા સંતોના પ્રેમ અને અનુગ્રહને પરિણામે આધુનિક યુગમાં પણ અધ્યાત્મની ગૂઢ વાત સહજ સમજાઈ છે તે જણાવી પ્રાર્થનાઓ ધરી.

પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા કે, 'ગુરુમાં વિશ્વાસ મૂકવાનો, અપ્રતિમ નિષ્ઠા રાખવાનો સંદેશો જેમણે પોતાના જીવન-વર્તન દ્વારા આપ્યો એવા પૂ. અશ્વિનદાદાનું આજે મહામંગલકારી પ્રાગટ્યપર્વ ! જે આવું જીવન જીવે એ ગુરુની સાથે અદ્વૈતભાવથી જોડાઈ જાય ! પૂ. અશ્વિનદાદા એવા સાધુ છે. તેમની સાથે જે જોડાય તે પણ અદ્વૈતભાવને પામી જાય એવા એ સાધુ ! સંતભગવંત સાહેબજી સાથે સદાય દાસભાવે જ તેઓ વર્ત્યા. બુદ્ધિ, શક્તિ અને આવડત પ્રભુના કાર્યમાં વાપરી દિવ્ય બનાવી. આ આપણે પણ કરવાનું છે, જેથી સહજ આનંદમાં રહેતા થઈ જવાશે.'

સંતભગવંત સાહેબજીએ ફોન દ્વારા આશીર્વાદ આપ્યા કે, 'યોગીજી મહારાજે અદ્‌ભુત કાર્યો કર્યાં અને તેમાંય આપણને પૂ. અશ્વિનદાદા જેવા સાધુની ભેટ આપી તે એમની કૃપા કહેવાય ! પૂ. અશ્વિનભાઈએ ગુરુદેવ યોગીબાપા, પૂ. કાકાજી, પૂ. પપ્પાજી, પૂ. સોનાબા આદિ સૌ ગુણાતીત સ્વરૂપોને રાજી કર્યાં, તો સહજ ગુણાતીત અવસ્થાને પામી ગયા, સૌના સુહૃદ બન્યા. આવું જીવન આપણે સૌ પણ જીવવાનો આલોચ રાખીએ એ જ તેઓના પ્રાગટ્યપર્વની પ્રાર્થના !'

સૌ પૂ. અશ્વિનદાદા જેવા અનુપમ સદ્‌ગુરુના જીવન-માહાત્મ્યમાં ગરકાવ બની ધન્ય થયા. આ પ્રસંગે મોગરી, આણંદ, વલ્લભવિદ્યાનગર, કરમસદ, ખંભાત, નડીયાદ આદિ સ્થાનિક મંડળો અને દૂરનાં મંડળોમાંથી પણ સેંકડો ભક્તો પધાર્યા અને વંદના ધરી. ◆

## બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ભક્તિભર્યો ગુરુપૂર્ણિમા ઉત્સવ

ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવવાની આતુરતા સ્વાભાવિક જ સૌ ભક્તોને હૈયે વિશેષ હોય ! અને તેથી જ પ્રતિ વર્ષ ભારતનાં તમામ કેન્દ્રોમાંથી ભક્તો આ ઉત્સવ ઉજવવા બ્રહ્મજ્યોતિ, મોગરી પધારે. આ વર્ષે પણ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા. નૂતન મંદિરનિર્માણના આ વર્ષે સૌના હૈયામાં ગુરુપૂજનનો અને સવિશેષ સમર્પણ કરવાનો અદમ્ય ભાવ હતો.

૧૬ જુલાઈ, ગુરુર્ણિમાની મંગલ સવારે યોગીપ્રસાદના વિશાળ સભાખંડના મંચ પર સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ.



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પૂ. અશ્વિનદાદાના ૭૮મા પ્રાગટ્યપર્વની ભક્તિભરી ઉજવણી



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્‌ગુરુ સંતો-ગુરુ સ્વરૂપોને ગુરુપૂર્ણિમાએ હૃદયભાવ અર્પણ

પૂનમદાદા, પૂ. હર્ષદભાઈ અને પૂ. અરુણભાઈએ ગુરુઆસને સ્થાન ગ્રહણ કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપ સમ તેઓની પ્રાસાદિક ચાખડીઓ પણ દર્શન-પૂજન માટે પધરાવવામાં આવી હતી. સૌના હૈયે અનેરી દિવ્યતા વ્યાપી હતી. સંતો પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા ગુરુ-માહાત્મ્યની, ગુરુકૃપાની, ગુરુભક્તિની અકલ્પનીય અસ્ખલિત મહિમાધારા રેલાવી રહ્યા હતા. સૂરવૃંદ દ્વારા ગુરુમહિમાનાં સુમધુર ભજનોનાં ગાન થઈ રહ્યાં હતાં. સહજ જ સૌના હૈયે સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિ અનુભવાતી હતી.

અનુપમ મિશન પરિવારના સૌ સંતો-ભક્તો વતી પૂ. રાજુભાઈએ સંતભગવંત સાહેબજીની મૂર્તિ અને સદ્‌ગુરુ સંતોનાં પૂજન કર્યાં તેમજ પૂ. રમેશભાઈ ઝાલાવાડિયાએ પુષ્પહાર અર્પણ કરી ગુરુવંદના ધરી. સંશયહર્તા, કલ્યાણકર્તા ગુરુમાહાત્મ્યની અનુપમ વાતો પૂ. દિલીપભાઈ, ઉમિફોઈ, ધનંજયભાઈએ કરી. સંતભગવંત સાહેબજીના યથાર્થ મહિમાનું દર્શન કરાવી પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા.

પૂ. શાંતિદાદા, પૂ. અશોકભાઈ અને પૂ. ઉત્પલભાઈ ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડની ધર્મયાત્રાએ પધારતા હોવાથી તેઓને ભાવભરી વિદાય પણ આ સભામાં અપાઈ. પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા કે, 'ગુરુના વચનમાં હોમાઈ જવું એ જ ગુરુપૂજન ! ભગવાનનું જે પરમ તત્ત્વ આપણને સંતભગવંત સાહેબજી સ્વરૂપે-માનવરૂપે પ્રાપ્ત થયું, તેમાં મનુષ્યભાવ આવે જ નહિ, ભગવાનના ભક્તો નિર્દોષ મનાય એ સાચી ગુરુપૂર્ણિમા ! આ પાવન વર્ષે મંદિરનિર્માણની સેવા અહોહોભાવે કરી સ્વભાવ ઓગાળવા જ છે તેવો સંકલ્પ કરીએ. સાહેબજી એવા ગુરુ છે કે જે નિર્દોષભાવ અને મહિમાથી કરેલી આવી સેવાઓના ફળસ્વરૂપે આપણા દોષ ઓગાળી સુખિયા કરી દેશે. આ મહિમા આત્મસાત્ કરી જીવવાનો ઉત્સવ એટલે ગુરુપૂર્ણિમા !'

સંતભગવંત સાહેબજીએ પણ ફૉન દ્વારા સૌને ગુરુપૂર્ણિમાની આશિષ વરસાવી કૃતાર્થ કર્યા. ત્યારબાદ સૌએ ખૂબ ભાવથી પૂ. શાંતિદાદા અને સદ્‌ગુરુ



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સંતભગવંત સાહેબજીનું ભક્તિભીનું સ્વાગત

સંતોનાં ગુરુપૂજન કર્યાં અને વંદનાઓ ધરી. ગુરુમાહાત્મ્ય અને ગુરુભક્તિનાં અદ્‌ભુત બોધને પામી સૌ ધન્ય થયાં. ◆

## સિડની-ઑસ્ટ્રેલિયામાં ગુરુપૂર્ણિમા અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો પ્રાગટ્ય ઉત્સવ

ઑસ્ટ્રેલિયાના સિડની કેન્દ્રમાં અનુપમ મિશનના ભક્તોએ ભેગા મળીને ૨૧ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમા અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના ૭૮મા પ્રાગટ્યપર્વની ભાવભરી ઉજવણી રોઝવિલ કૉમ્યુનિટી હૉલમાં કરી. આ પ્રસંગે સૌ ભક્તોએ વિશેષ સમયનાં સમર્પણ કરી સુશોભન, સભાવ્યવસ્થા અને મહાપ્રસાદની સુંદર સેવાઓ કરી. ઉત્સવસભામાં સૌએ ધૂન અને કીર્તન દ્વારા હૈયાના ભાવ અર્પણ કર્યા. ગુરુ-માહાત્મ્યમાં લીન થઈ હૃદયના ભાવથી ગુરુ-મૂર્તિનાં પૂજન કર્યાં.

આ પ્રસંગે જાસ્મિનભાઈએ સભાસંચાલન કરતાં ઉત્સવનો મહિમા વર્ણવ્યો. કૃણાલભાઈ, અંકિતભાઈ, ધરિતકુમાર અને બિંદીબહેને પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાની સાધુતા, ગુણાતીત અવસ્થાનાં અદ્‌ભુત દર્શન સૌએ કરાવ્યાં. અંતે કેક અર્પણ કરી સૌએ બ્રહ્માનંદ કર્યો. ગુરુ-માહાત્મ્યમાં સૌ ગરકાવ બની ધન્ય થયાં. ◆

## સંતભગવંત સાહેબજીનાં બ્રહ્મજ્યોતિ, મોગરી પર સ્વાગત

ઈંગ્લૅન્ડ, અમૅરિકા અને કૅનેડાની ધર્મયાત્રા સંપન્ન કરી સંતભગવંત સાહેબજી ૬ ઑગસ્ટના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. સાથે પૂ. અર્પિતભાઈ, હરીશભાઈ મુનિ, ભાવિશાબહેન આદિ પણ પધાર્યાં. વહેલી સવારે ગુરુદેવ યોગીબાપાની મૂર્તિ સમક્ષ અને સાંજે સભામાં સૌનાં ભક્તિભીનાં સ્વાગત થયાં.

ઈંગ્લૅન્ડમાં લંડનના શ્રી જલારામ મંદિરમાં યોજિત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા કરી, સ્થાનિક ભક્તોને સમાગમનો લાભ આપી, ગુરુપૂર્ણિમા ઉત્સવે ભક્તોની ભક્તિ સ્વીકારી સત્સંગલાભ આપ્યો. અમૅરિકામાં ઍલનટાઉન મંદિરે યોગી યૂથ કૅમ્પ, યોગી જ્ઞાન શિબિર, રિચમંડમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તેમજ યોગી ડિવાઇન સોસાયટીના પારસીપૅની સ્થિત મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરી ઍલનટાઉન મંદિરના પાટોત્સવ, ગુરુપૂર્ણિમા પ્રસંગે ભક્તોને આશીર્વાદ આપી સંતભગવંત સાહેબજીએ સૌને કૃતાર્થ કર્યા. અનેક ભક્તોના ઘરે પધરામણીઓ કરી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થનાઓ કરી.

માત્ર એક દિવસ માટે અક્ષરમુક્ત અક્ષયભાઈના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરવા-દર્શન આપવા સંતભગવંત સાહેબજી કૅનેડા પધાર્યા. આમ, ભક્તોના ભાવ પૂર્ણ કરી, આબાલવૃદ્ધ સૌની ભક્તિને સ્વીકારી સંતભગવંત સાહેબજીએ અથાક ભીડો વેઠી અનેક મુક્તોને દર્શન-સમાગમ અને આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું. ◆